# મોરનું ઝાંઝર



એક સુંદર મઝાનું રંગ-બે-રંગી ફૂલોથી ઊભરાતું એવું વન હતું, તે વનમાં જાત-જાતના અને ભાત-ભાતના પશુ-પંખીઓ રહેતાં હતાં. હા, તે એક વન નહીં, પરંતુ એક કલાનગરી સમાન હતું. તે પશુ-પંખીઓમાં ચિત્રકાર, સંગીતકાર, ગાયક કે નાટ્યકાર, વિદ્વતશાસ્ત્રમાં નિપુણતા પ્રાપ્ત કરેલ હતી. હા, તે કલાવનમાં એક સુંદર મઝાનો મોર, શાસ્ત્રીય નૃત્યમાં પારંગત, હતો. તેણે અનેક જગ્યાએ પોતાની અદ્દભૂત નૃત્યકલા દ્વારા પ્રમાણપત્રો, ઈનામો મેળવેલાં હતાં અને તે કલાનગરીમાં તે મોરનું સ્થાન અને માન પણ ખૂબ જ વિશેષ પ્રમાણમાં હતું, હોં !

એક દિવસની વાત છે. તે કલાવનમાં એક વિશાળ પ્રમાણમાં તેમજ વિશાળ એવા ટાઉનહૉલમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. દરેકે પોત-પોતાની કૃતિ, પ્રવીણતા અને કલાકારીગીરીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનું હતું. આવી અદ્દભૂત સ્પર્ધાનું આયોજન સાંભળી દેશ-વિદેશના પશુ-પંખીઓમાં ચહલ-પહલ વ્યાપી ગઈ અને તેઓ સઘળાં તે કલાવનમાં ઊમટી પડયાં. દક્ષિણ આફ્રિકાના એક કલા નિષ્ણાત એવા સોનેરી હાથીની આગેવાની હેઠળ આ ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો હતો. કલાવનની શોભામાં ચાર ચાંદ લાગી જાય એવી તેની સજાવટ કરવામાં આવી રહી હતી. ગલીએ ગલીએ કલાત્મક, કુદરતી દ્રશ્યો સજાવવામાં આવી રહ્યાં હતાં. ફૂલછોડનાં કૂંડાઓમાં મહેકતાં ફૂલોની સુંગધથી તે કલાવન મહેંકી રહ્યું તું. વિશાળ ટાઉનહોલને ખાસ પ્રકારનાં સુંગધિત

ફુલોથી સુશોભિત કરવામાં આવેલો હતો. ભરત-નકશીકામથી ત્યાંના પાણીના ફૂવારાઓ તેમજ લાઈટીંગ-ડેકોરેશનથી તે ટાઉનહોલ ભવ્ય લાગી રહ્યો હતો.

દક્ષિણ આફ્રિકાના સોનેરી હાથીની આગેવાની હેઠળ બરાબર નવના ટકોરે 'કલાસ્પર્ધા'નું ઉદ્દઘાટન તે કલાવનના રાજા સિંહના વરદ્દ હસ્તે કરવામાં આવ્યું અને તે સાથે જ તાળીઓના ગડગડાટથી ત્યાં આગળનું વાતાવરણ મીઠાં ગુંજારવથી ગાજી ઊઠ્યું બાદમાં દરેક પશુ-પંખીઓએ પોત-પોતાની બેઠક સંભાળી લીધી. તે કલાસ્પર્ધામાં ભાગ લઈ રહેલ પશુ-પંખીઓને એક તરફ સ્થાન આપવામાં આવ્યું હતું અને તે દરેકના ચહેરા ઉપર કલાની ફોરમ ફેલાયેલી જોવા મળતી હતી. હા, ગમે તેમ તો તે બધા ઉપર 'મા સરસ્વતીદેવી'ની અસીમ કૃપા ઊતરી હતી ને ? અને એટલે જ તે બધામાં આવી ઉત્કૃષ્ટ કલા ઊભરાઈ આવી હતી ને ? દરેક પશુ-પંખીઓ કે જે આ અનોખી 'કલાસ્પર્ધા' માં ભાગ લઈ રહ્યા હતાં તેઓ પોતપોતાની કલાકૃતિનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યાં હતાં. કોઈ કુદરતી ચિત્રોનું પ્રદર્શન કરી રહ્યાં હતાં તો કોઈ લેખનકલા તો કોઈ ગાયનકલા, કે કોઈ નાટયની કલાકૃતિ રજૂ કરી રહ્યાં હતાં. અને તે બધી કલાકૃતિના માર્કસ દક્ષિણ આફ્રિકાના સોનેરી હાથીની એક નિષ્ણાત ટીમ દ્વારા મુકવામાં આવી રહ્યાં હતાં. અને...અને...જયારે તે કલાવનના સુંદર મઝાના મોરનો વારો આવ્યો ત્યારે બધાં પશુ-પંખીઓ દ્વારા તાળીઓના ગડગડાટથી તેને વધાવી લેવામાં આવ્યો. બાદમાં તે મોર પોતાના પગમાં સુંદર મઝાનાં અદ્દભૂત ઝાંઝર પહેરીને પ્રેક્ષકો સમક્ષ શાસ્ત્રીય ઢબે તેમજ કળા કરીને જોરદાર નૃત્ય રજૂ કરતો ગયો ત્યારે ત્યાં આગળ બેઠેલા હજારો પ્રેક્ષકગણના મોંઢામાંથી 'આહ....! વાહ...!'ના આશ્ચર્યજનક ઉદ્દગારો સરી રહ્યા હતા. તેઓએ આવી શ્રેષ્ઠ, ઉમદા નૃત્યની શૈલી કયારેય જોઈ નહોતી હોં ? જાણે કે 'મા સરસ્વતી દેવી' એ તે મોરનાં પગમાં પવન-પાવડી ન નાખી દીધી હોય ? તેમ તે મોર ઝાંઝર પહેરી એવું અદ્દભૂત નૃત્ય કરી રહ્યો હતો કે બસ કલાપારખુ તો તેને તેમજ તેના અદ્દભૂત નૃત્યને મન ભરીને જોઈ જ રહ્યાં, હોં ?

આમ, તે 'કલાસ્પર્ધા' તેની ચરમ સીમાએ પહોંચી ગઈ હતી. હા, તે મોરની તોલે તો કોઈની પણ કૃતિ આવે તેમ લાગતી નહોતી, અને...અને... અંતે શ્રેષ્ઠ કૃતિઓનાં માર્કસ વગેરેની ગણતરીઓ શરૂ થઈ ગઈ હતી. દરેક પોતપોતાની કૃતિઓ રજૂ કરી દીધી હતી.

વિશાળ ટાઉનહોલમાં બેઠેલા પશુ-પંખીઓ શ્વાસ થંભાવી આ 'કલાસ્પર્ધા'નું પરિણામ જાણવા માટે ઈંતેજારી કરી રહ્યા હતા. છેવટે વિજેતાનું નામ ઘોષિત કરવામાં આવ્યું. હા, નિ:સંદેહ તે કલાનગરીના શિરમોર સમાન એવા મોરનું નામ વિજેતા તરીકે જાહેર થયું અને તે સાથે જ તાળીઓના ગડગડાટથી તેને વધાવી લેવામાં આવ્યો. શ્રેષ્ઠ ઈનામ, પ્રમાણપત્ર તેને એનાયત કરવામાં આવ્યાં. અન્ય કૃતિઓને પણ આશ્વાસન ઈનામો આપવામાં આવ્યાં. આવી અદ્દભૂત

કલાસ્પર્ધાનું આયોજન કરવા બદલ સોનેરી હાથીએ કલાવનના પ્રાણીઓ તેમજ તેના રાજાને ધન્યવાદ આપ્યા. આવી ઉચ્ચ,ઉમદા અને અનોખી ભાવનાનો વિકાસ કરવા બદલ તેણે દરેક પશુ-પંખીઓને અંતરથી શુભેચ્છા પાઠવી.

અને આમ, તે ‘કલાસ્પર્ધા’ પૂર્ણ જાહેર કરવામાં આવી, ત્યારે તે કલાસ્પર્ધાના અંતે તે શાસ્ત્રીય નૃત્યના વિશારદ એવા મોરે મનોમન ‘મા સરસ્વતીદેવી’ ને પ્રણામ કર્યા, અને તે મનોમન બોલી ઊઠયો, ‘હે મા સરસ્વતીદેવી, આપની કૃપાથી હું આ ‘કલાસ્પર્ધા’ જીત્યો છું, હોં ?’ મોરની નમ્રતા ભરી વાણી સાંભળી ‘મા સરસ્વતીદેવી’ તેના ઉપર પ્રસન્ન થઈ ગયાં અને પછી તે મોરને હંમેશને માટે પોતાની પાસે  રાખી દીધો જીવનમાં કલાને પ્રથમ સ્થાન આપવું જોઈએ એવું નથી લાગતું ?

લેખક: શૈલેષ કે. રાયચુરા